RERA No. ______________________

વેચાણ દસ્તાવેજ

રૂા............/– અંકે રૂપિયા .... પૂરાનો.

નવસારી ડીસ્ટ્રીકટનાં સબ– રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગણદેવી તાલુકાનાં દેસરા– બીલીમોરા નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ બીનખેતીની જમીન, જેનો *રેવન્યુ સર્વે નં. ૪૦૫+૪૦૬ સીટી સર્વે નં. ૩૦૧૪/૧ વાળી ૨૩૯૯.૪૭ ચો.મી* બીનખેતીની જમીનમાં બાંધકામ કરવામાં આવેલ "ખુશી હાઈટ" નામની બિલ્ડીંગ સ્થાવર મિલકતમાં .... માળ ઉપર આવેલ દુકાન/ઓફીસ/રહેણાંક ફલેટ નં. ..... નો વેચાણ દસ્તાવેજ આજરોજ સંવત ૨૦૭૫ ....ને વાર .... ને તારીખ .... માહે .... સને ૨૦૧૯ ના અંગ્રેજી દિને

પહેલાં પક્ષકાર/વેચાણ લેનારા/એલોટી :–

.................................., ઉ.આ.વ.–......., ધંધો – ......,

જ્ઞાતિ – .... પાન નં. ______________

આધાર કાર્ડ નં. ______________

(જેમને હવે પછી આ લેખમાં "વેચાણ લેનારા" તરીકે સંબોધવામાં આવશે, જે સંબોધનમાં પૂર્વાપર સંબંધથી અપવર્જીત ગણાતું ન હોય, ત્યારે વેચાણ લેનારનાં

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

વંશવાલી વારસો, કાયદેસરનાં પ્રતિનિધિઓ અને વહીવટકર્તાઓ નો સમાવેશ થયેલો ગણાશે.)

જોગ લિ.

બીજા પક્ષકાર/વેચાણ આપનારા/પ્રમોટર્સ :–

રીલસ્ટ્રક હોમસ પ્રાઈવેટ લીમીટેડ (Relstruct Homes Private Limited) એ નામની કંપની (જેનો કોર્પોરેટ આઈડેન્ટી નં. U70109MH2013PTC246598) કંપનીનો પાન નં. AAGCR7373A

જેની રજીસ્ટ્રર ઓફીસ – ફ્લેટ નં. ૨૦૧–૦૨, બીજો માળ, સનરાઈઝ પ્લાઝા, સુભાષ લેન, મલાડ (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૯૭, મહારાષ્ટ્રના ડારેકટરો

(૧) **મનહરભાઈ કરસનભાઈ પટેલ**
ઉ.આ.વ.–૪૯, ધંધો – વેપાર, જાતે – હિન્દુ કોળી પટેલ
રહેવાસી – ગૌહરબાગ, બીલીમોરા, તા.ગણદેવી, જી.નવસારી.

(૨) **જાગૃતિબેન મનહરભાઈ પટેલ**
ઉ.આ.વ.–૪૯, ધંધો – વેપાર, જાતે – હિન્દુ કોળી પટેલ
રહેવાસી – ગૌહરબાગ, બીલીમોરા, તા.ગણદેવી, જી.નવસારી.

(૩) **નીકીતા હેમેન્દ્ર મપારા**
ઉ.આ.વ.–૨૬, ધંધો – વેપાર, જાતે – હિન્દુ વૈષ્ણવ વાણીયા,
રહેવાસી – ડી–૧/૨, પહેલો માળ, પુનીત કોટેજ, મારવે રસ્તા, આદર્શ દુધાલયા રોડ, મલાડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૬૪, મહારાષ્ટ્ર.

(૪) **રાજેશકુમાર એન. મહેતા**
ઉ.આ.વ.–૨૬, ધંધો – વેપાર, જાતે – હિન્દુ અનાવિલ બ્રાહમણ,

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.
Director

Scanned by CamScanner

રહેવાસી – .... મુંબઈ – ૪૦૦૦૬૪,

મહારાષ્ટ્ર.

(જેમને હવે પછી આ લેખમાં "વેચાણ આપનારા" તરીકે સંબોધવામાં આવશે, જે સંબોધનમાં પૂર્વાપર સંબંધથી અપવર્જીત ગણાતું ન હોય, ત્યારે વેચાણ આપનારાનાં વંશવાલી વારસો, કાયદેસરનાં પ્રતિનિધિઓ અને વહીવટકર્તા ઓનો સમાવેશ થયેલો ગણાશે.)

જત નીચે શીડયુલમાં વર્ણવેલ મિલકત અમો બીજાપક્ષનાની માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલી છે. જે હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલી છે. જે આજ રોજ અમો બીજાપક્ષના તમો પહેલા પક્ષનાને આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપીએ છીએ જે બીજા પક્ષનાને કબુલ મંજુર બંધનકર્તા છે સહી. જેને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજ નો લેખમાં સદરહુ મિલકત એવી રીતે સંબોધવામાં આવેલ છે. જેનું વિગતે વર્ણન આ નીચે શીડયુલમાં આપવામાં આવેલ છે.

વેચાણ આપનાર દ્વારા વેચાણ દસ્તાવેજમાં જણાવેલ ઉપરોકત જમીન સબંધી હાયરાઈઝ બિલ્ડીંગમાં કોર્મશીયલ તથા રેસીડેન્સી ફલેટના બાંધકામ પરવાનગી બીલીમોરા નગરપાલિકા પાસેથી માંગવામાં આવેલ અને જે મુજબ બીલીમોરા નગરપાલિકાએ રજાચિઠ્ઠી નં. ૫૧/૧૮–૧૮ થી તા.૦૫/૧૧/૨૦૧૮ નાં રોજ થી બાંધકામ પરવાનગી આપેલ છે. રોડનાં એલાઈનમેન્ટ કપાતમાં જતી જમીન રજાચીઠ્ઠીનાં પ્લાનમાં દર્શાવેલ છે. બીલીમોરા નગરપાલિકાની બાંધકામ પરવાનગીને અનુલક્ષીને સદરહુ

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

જમીન ઉપર બિલ્ડીંગનાં બાંધકામ કરવામાં આવેલ છે જે પૈકી શીડયુલ 'બ' વાળી મિલકત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપવામાં આવેલ છે.

અમો વેચાણ આપનારે સદરહું મિલકતમાં નકકી થયા મુજબ બાંધકામ કરી સદરહું મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપરત કરેલ છે. મજકુર મિલકત અંગે કોઈ પ્રકારની બાંધકામ કે તેને સંલગ્ન કોઈ કામગીરી બાકી નથી, તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપૂર્ણ સંતોષ થયેલ છે અને તે તમામ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી/કરાવીને જોઈ તપાસી લઈને સદરહું મિલકતનો કબજો પણ મેળવી લીધેલ છે, નકકી થયા મુજબની તમામ કામગીરી તમામ પ્રકારે તમામ માલ-સામાન, સામગ્રી, ફીટીંગ્સ, ફિકસચર્સ વિગેરે યોગ્ય ગુણવતાવાળા છે અને તે બાબતે સંપૂર્ણ રીતે સંતોષકારક માલુમ પડેલ છે અને તે બાબતે તમોને કોઈપણ પ્રકારની ફરીયાદ નથી. સદરહું મિલકત અંગે કમ્પલીશન સર્ટીફીકેટ મળ્યા તારીખથી ૫ વર્ષ સુધી સ્ટ્રકચરલની ખામી થયેલ હોય તો તે અંગેની જાણ હમો બીજા પક્ષનાના કર્યેથી પોતાના ખર્ચે કરાવી આપીશું, પરંતુ સદરહું મિલકત તમો પહેલા પક્ષના અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઈપણ ફેરફાર કરવા-કરાવાનો નથી તેમજ એસી કે અન્ય કોઈપણ પ્રકારના આર.સી.સી. કામ, બીમ/કોલમ/સ્લેબ/દિવાલ/પીલર/ફલોરીંગ/આર.સી.સી. પરદી, દાદર અને કોમન પેસેજમાં તોડફોડ, સ્ટ્રકચરલ ખામી ઉદભવે કે બાંધકામની ગુણવત્તામાં કોઈપણ ખામી ઉદભવે તેવા કૃત્યો તમો પહેલા પક્ષનાએ કરવા-કરાવવાના નથી. તેવા કોઈપણ ફેરફાર એન્જીનીયરની લેખીત પરવાનગીથી કરવાના રહેશે અને જો તેમ કરવામાં પહેલા પક્ષના કસુર કરે તો તે અંગેની તમામ નુકશાની પહેલા પક્ષનાએ ભોગવવાની છે સહી અને તે અંગેની તમામ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી.

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા-બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

સદરહું પ્રોજેકટ ''ખુશી હાઈટ'' માં આવેલ નીચે પરિશિષ્ટમાં બતાવવામાં આવેલ સદરહું મિલકત, હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત, કે જમીન ઉપર આવેલ તે જમીનની ૭/૧૨ ની નકલ, તમામ ફેરફાર નોંધોની નકલ, રજાચિઠ્ઠી મંજુરથયેલા પ્લાનની નકલ, લે-આઉટ પ્લાન તથા ડીઝાઈનની નકલ તથા તમામ સ્પેશીફીકેશનની વિગતો તથા ટાઈટલને લગતા અન્ય પુરાવાઓ તથા બીનખેતીના હુકમની જરૂરી નકલોની માસ્ટર ફાઈલ તથા રીયલ એસ્ટેટ (નિયમનો અને વિકાસ) અધિનિયમ – ૨૦૧૬ તથા તેની નીચેના નિયમો અને નિયમનોના જણાવ્યા મુજબના અન્ય સંબંધીત દસ્તાવેજોનું, તૈયાર થયેલ બાંધકામ, ફીટીંગ્સ તથા તેના સ્ટ્રકચર, સ્પેશીફીકેશનનું નિરીક્ષણ તમો પહેલા પક્ષના દ્વારા જાતે તથા તેના નિષ્ણાંતો પાસે કરેલ/કરાવેલ છે, તેમજ સદરહું મિલકતનું બાંધકામ તેમજ તેની ગુણવત્તા તથા આપેલ સુવિધાઓ વિગેરે તમોએ જોઈ તપાસી, ખાત્રી કરી લીધેલ છે.

શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટ/ઓફીસ/દુકાન વાળી મિલકત ''ખુશી હાઈટ'' નો એક હિસ્સો છેં. અને જે સંજોગોમાં વેચાણ લેનાર સદરહુ ફલેટ વાળી મિલકત નીચે મુજબની સ્પષ્ટતા સમજુતી અને શરતોને આધિન વેચાણ કરવામાં આવેલ છે. જે અંગે વેચાણ લેનાર આથી સ્વીકાર કરી સંમતી આપે છે.

(૧) સદરહુ બિલ્ડીંગ હેઠળ અને તેને લાગુ બિલ્ડીંગના માર્જીનવાળી જેટલી જમીન સદર બિલ્ડીંગના બાંધકામ માટે વપરાયેલ છે. તેમાં વેચાણ લેનારના નામે હિસ્સા સહમાલિકી હક્ક રહેશે.

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા-બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Reistruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

(૨) ''ખુશી હાઈટ'' નાં કુલ જમીનમાં આવેલ રસ્તા તથા કોમન પ્લોટના વેચાણ લેનાર સદર કોમ્પલેક્ષમાં આવેલ તમામ બિલ્ડીંગ નાં જે તે સમયનાં માલિક કબજેદારો સાથે સહિયારાપણામાં વપરાશ કરવા હક્કદાર રહેશે.

(૩) ''ખુશી હાઈટ'' માં આવેલ કોમન વોટર સપ્લાયર વ્યવસ્થા તથા ડ્રેનેજ વ્યવસ્થામાં શીડયુલ – બ માં જણાવેલ બિલ્ડીંગના જોડાણ રાખવામાં આવશે અને સદરહુ વ્યવસ્થા સંપુર્ણ કોમ્પલેક્ષનાં તમામ બિલ્ડીંગો માટે સહિયારાપણામાં વપરાશે.

(૪) શીડયુલ– 'અ' માં જણાવેલ જમીન ઉપર બિલ્ડીંગમાં હાલે મંજુર થયેલ એફ. એસ. આઈ. મુજબ બાંધકામ કરવામાં આવેલ છે

(૫) શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટ અંગેનાં આઉટર ડીઝાઈનમાં વેચાણ લેનાર કોઈપણ પ્રકારનાં ફેરફાર કરી શકશે નહી તેમજ પ્રોજેકશન, છજ્જા, કે હંગામી સ્વરૂપનાં પઝેશન કરી શકશે નહી.

(૬) શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટમાં ઈન્ર્ટનલ કોલમ બીમમાં કોઈ પણ પ્રકારનાં ફેરફાર વેચાણ લેનાર કરી શકશે નહી. તે સિવાય ઈન્ટરર્નલ અન્ય ફેરફાર કરવા વેચાણ લેનાર હક્કદાર રહેશે. પરંતુ તે બાબતે નગરપાલિકા અથવા અન્ય ઓથોરીટીની પૂર્વ પરવાનગી લેવાની રહેશે.

(૭) શીડયુલ 'બ' માં જણાવેલ બિલ્ડીંગમાં વિધૃતબોર્ડ નાં જોડાણની વ્યવસ્થા તમો વેચાણ લેનારાઓએ કરવાની છે. અને રહેશે. અને

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Reliance Homes Pvt. Ltd.
Director

Scanned by CamScanner

તે અંગેનો જે કંઈ ખર્ચ આવે તે તમામ તમો વેચાણ લેનારાઓ એકલાએ ભોગવવાનો છે. અને રહેશે. તેમજ જો કોઈ સંજોગોમાં જી. ઈ. બી. તરફથી ટ્રાન્સફોર્મર મુકવામાં આવે તો તે અંગેનો પણ તમામ ખર્ચ તમો વેચાણ લેનારાઓ એ અન્ય સહવપરાશ કરનારાઓ જોડે વરાડે ભરવાનો છે અને રહેશે.

(૮) શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટનો ઉપયોગ ફકત રહેણાંકનાં હેતુસર કરવાનો છે. તથા ઓફીસ/દુકાનનો ઉપયોગ વેપાર, ધંધો કરવા માટે કરવાનો છે. અને તેમાં મશીનરી ગોઠવી કોઈ જ ધંધો કરવાનો નથી. તેમજ શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટની આજુબાજુનાં હોલ્ડર્સ ને ન્યુસન્સ કે ત્રાસ થાય તેવા પણ કોઈ કૃત્યો કરવાના નથી. વળી શીડયુલ 'બ' માં જણાવેલ બિલ્ડીંગ આર. સી. સી. ફ્રેમ સ્ટ્રકચર વાળુ બાંધકામ છે. જેથી શીડયુલ 'બ' માં જણાવેલ બિલ્ડીંગ ની મજબુતાઈને નુકશાન થાય તેવુ કોઈ જ કૃત્ય તમો વેચાણ લેનારાઓએ કરવાનું નથી. તેમજ શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટમાં આવેલ લોફટ યાને માળીયાનો ઉપયોગ ફકત માલ – સામાનનો ‘સંગ્રહ કરવા માટે જ કરવાનો છે. પરંતુ માળીયામાં પાણી ટાંકી મુકી પાણી સંગ્રહ તમો વેચાણ લેનારાઓ કરી શકશે નહી. અને જો વેચાણ લેનારાઓએ શીડયુલ 'બ' માં જણાવેલ બિલ્ડીંગની મજબુતાઈને નુકશાન થાય તેવું કૃત્ય કરેલું હશે કે પાણી નાં સંગ્રહ માટે ટાંકી મુકેલી હશે તો તે દુર કરવાનો વેચાણ આપનારાને અબાધિત હક્ક અને અધિકાર

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.
Director

Scanned by CamScanner

રહેશે. અને તેમાં વેચાણ લેનારાઓએ કોઈ જ તકરાર કરવાની નથી.

(૯) શીડયુલ 'બ' માં જણાવેલ બિલ્ડીંગનાં સામાન્ય સગવડતા અને સવલતો જેવી કે લીફટ, પાર્કીંગ મેઈન્ટેનન્સ, સ્ટેરર યાને દાદર પાર્કીંગ તથા દાદરની લાઈટો, સ્મ્પ વોટર, સીસ્ટમ માટેના વીજબીલો, લીફટના વીજબીલો વિગેરે રોજબરોજનાં ખર્ચ સબંધી તથા બિલ્ડીંગનાં નિભાવ અને મરામત માટેના ફંડ સબંધી કાયમી અને હંગામી ભંડોળમાં વેચાણ લેનારે વેચાણ આપનાર તથા ભવિષ્યમાં બનાવવામાં આવે તે સર્વીસ સોસાયટીના ઠરાવો, નિયમોને આધિન રકમ ફાળો જમા કરાવવાનો રહેશે. વધુમાં સદરહુ સર્વીસ સોસાયટીમાં વેચાણ લેનારે ફરજીયાત પણે સભ્યપદ ધારણ કરવાનાં રહેશે.

(૧૦) શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટનો વપરાશ વેચાણ લેનારે અન્ય ફલેટ હોલ્ડરોને ન્યુસન્સ એનોયન્સ ન થાય તે રીતે ઉપયોગમાં લેવાનો રહેશે.

(૧૧) શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટને લાગુ ફલેટની દિવાલ કોમન ગણાશે.

(૧૨) શીડયુલ 'બ' માં જણાવેલ મિલકતનો વપરાશ કરતી વખતે પેસેજ, દાદર વિગેરેમાં હરકત, અવરોધ ન થાય તેવી રીતે ઉપયોગ કરવાના રહેશે. અને પેસેજ તથા દાદર ઉપર કોઈપણ પ્રકારનાં સ્ટોરેજ કરી શકશે નહીં.

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruct Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

(૧૩) શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટવાળા બિલ્ડીંગની ટેરેસ કોમન રહેશે.

(૧૪) શીડયુલ 'બ' માં જણાવેલ મિલકતનાં ટાઈટલ અને બાંધકામ અંગે નક્કી થયેલ સ્પેસીફીકેશન વિગેરે બાબતો જોઈ તપાસી વેચાણ લેનારે સદર મિલકત આજરોજ કબજામાં પ્રાપ્ત કરેલ છે.

(૧૫)

(૧૬)

(૧૭) શીડયુલ 'બ' માં જણાવેલ મિલકતની વેચાણ કિંમત આપણે પક્ષકારોએ આપણી રાજીખુશી, સ્વેછાથી, કોઈના કોઈપણ પ્રકારનાં દાબ દબાણ, દગા ફટકા કે અસર હેઠળ આવ્યા વિના નક્કી કરી ઠરાવેલ હતી અને જે અવેજની રકમ વેચાણ લેનાર પાસેથી હમો વેચાણ આપનારને નીચેની વિગત અવેજ ભરપાઈ અદા થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

રકમ	ચેક નંબર	તારીખ	બેંકનુ નામ શાખા

ઉપરોકત વિગતે ભરપાઈ અદા થયેલ અવેજની રકમ આજ રોજ સુધીમાં પૂરા ચુકતે મળ્યા બદલ હમો આપનાર આથી રસીદ આપીએ છીએ વેચાણ આપનારે અવેજની રકમ મેળવવાની બાકી રહેલ નથી. અને વેચાણ દસ્તાવેજ કરી આપવાનો બાકી હતો તે આજ રોજ તમો વેચાણ લેનારને કરી

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

આપે છે.

ઉપરોકત અવેજના બદલામાં શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટ /ઓફીસ /દુકાન વાળી મિલકત આ દસ્તાવેજથી વેચાણ આપી તબદીલ કરી છે. અને મિલકતનો શાંત, પ્રત્યક્ષ, ખાલી, કબજો સ્થળ ઉપર સુપરત કરવામાં આવેલ છે.

શીડયુલ 'બ' માં જણાવેલ ફલેટવાળી મિલકત આજ અગાઉ અન્ય કોઈને વેચાણ આપેલ નથી અને સદર મિલકતના ટાઈટલ ચોખ્ખા અને વેચાણને પાત્ર છે. તેમ છતાં વેચાણ આપનારના કોઈપણ કૃત્યને કારણે વેચાણ લેનારનાં માલિકી, કબજા, હક્કને નુકશાન થાય તો તે અંગેની જવાબદારી વેચાણ આપનારની રહેશે. સદર મિલકતનો કબજો તમો વેચાણ લેનારને આજ રોજ સોંપ્યો છે.

(૧૮) શીડયુલ 'બ' માં જણાવેલ મિલકતનાં હવે પછીનાં નગરપાલિકાનાં વેરા, સરકારી અર્ધ સરકારી સંસ્થાના વેરા, તથા ભવિષ્યમાં સરકાર દ્વારા અને સ્થાનિક સંસ્થા દ્વારા નક્કી થતા વેરાની રકમ તથા વેચાણ બાબત ભરવા પાત્ર વેટ (વેલ્યુ એડેડટેક્ષ) સર્વિસ ટેક્ષ તથા અન્ય ટેક્ષની રકમ વેચાણ લેનારે ભરપાઈ કરવાની રહેશે.

(૧૯) શીડયુલ 'બ' માં જણાવેલ આ દસ્તાવેજથી વેચાણ આપેલ ફલેટવાળી મિલકત રેકર્ડ દફતરે વેચાણ લેનારનાં નામે દાખલ કરાવવા જરૂરી સહી, સંમતિ, કબુલાત વેચાણ આપનારે

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruct Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

આપવાના રહેશે. અને તે અંગે હક્ક ફેરફારની કાર્યવાહી વેચાણ લેનાર આ વેચાણ દસ્તાવેજ રૂએ પણ કરાવી શકશો.

(૨૦) સદર બિલ્ડીગમાં અંડર ગ્રાઉન્ડના ભાગે પાર્કીંગ આપવામાં આવેલ છે. જે પાર્કીંગનો ઉપયોગ ફલેટ હોલ્ડરે કરવાનો છે. તેમજ ભોંયતળીયાનાં ભાગે આવેલ પાર્કીંગ નો ઉપયોગ દિવસમાં દુકાન/ઓફીસનાં માલિકોએ કરવાનો છે. અને રાત્રે ફલેટનાં માલિકો કરી શકશે. સદર પાર્કીંગમાં એક બીજાને અડચણ ન થાય તે રીતે તમામ હોલ્ડરોએ પાર્કીંગ કરવાનું રહેશે.

(૨૧) મજકુર **"ખુશી હાઈટ'** બાબતે એસોસીએશન કે સર્વીસ કો. ઓપરેટી સર્વીસ સોસાયટીની રચના કરવાની રહેશે. સર્વીસ સોસાયટીને બીલ્ડીંગના વણવહેંચાયેલા હિસ્સા અને કોમન ફેસીલીટીઝની વહીવટ વ્યવસ્થા કરવાની જવાબદારી સોંપવામા આવશે અને તેમાં તમો પહેલા પક્ષનાએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે અને મજકુર સોસાયટી કે એસોસીએશન જે કાંઈ ઈમારત તથા રાસુકી સગવડો, સુવિધાઓના વપરાશ તથા સમારકામ બાબતે, તેના ખર્ચ તથા મેઈન્ટેનન્સ બાબતે, મિલકતના વપરાશના હેતુઓ બાબતે, મિલકતના ટ્રાન્સફર બાબતે, સીકયુરીટી બાબતે, પાર્કીંગ બાબતે, વખતોવખત જે કાંઈ નીતિ–નિયમો, ઠરાવો, તેમજ બાયલોઝ તૈયાર કરે, તેનું તમો પહેલા પક્ષનાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વેચાણ આપેલ મિલકતને લાગતા વળગતા કોમન એરિયામાં ફાળે પડતો હિસ્સો તમારો રહેશે. તે હિસ્સો તમો છુટો પાડી શકશો નહી અને તેને

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Kelstrust Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

તમારે બીજા એલોટીઓ સાથે સંયુકતપણામાં વાપરવાનો રહેશે તથા અન્યોને કોઈપણ પ્રકારની અગવડ કે નુકસાન ન થાય તે રીતે તેનો વપરાશ કરવાનો રહેશે. તે કોમન એરિયા અંગે તમારે ફાળે પડતી મેન્ટેનન્સની રકમ નિયમિત સોસાયટીને ચુકવવાની રેહેશે.

બી.યુ. પરવાનગી મળ્યાબાદ વેચાણ આપનારનો એફ.એસ.આઈ. ઉપર કોઈ હકક દાવો રહેતો નથી. ભવિષ્યમાં આખી જમીન/મિલકત અંગે કોઈપણ પ્રકારની વધારાની એફ.એસ.આઈ. કે ફલોટીંગ એફ.એસ.આઈ. મળે તો તે અંગે તથા સમગ્ર બીલ્ડીંગના ટેરેસના ભાગ અંગે વેચાણ આપનારએ કોઈપણ પ્રકારના હકક દાવા કરવાના નથી. જો કોઈએવો હકક પ્રાપ્ત થાય તો તેનો હકક માત્ર ખરીદદારોની સોસાયટીને પ્રાપ્ત થશે.

(૨૨) આ એપાર્ટમેન્ટમાં ફલેટ હોલ્ડરો આ એપાર્ટમેન્ટ (ફલેટ) નો ઉપયોગ ફકત રહેણાંક હેતુ માટે જ કરવાનો છે. તેમાં કોઈપણ ફલેટમાં હોટલ, રેસ્ટોરન્ટ, બ્યુટીપાર્લર, વીડીયો પાર્લર કે અન્ય કોઈપણ પાર્લર કે જાહેર હેતુના મનોરંજન માટે કે જાહેર ખાનપાનના જાહેર હેતુ વાળા ધંધા માટે કે રહેણાંક સિવાય અન્ય કોઈ પણ હેતુ માટે આ એપાર્ટમેન્ટ (ફલેટ) નો ઉપયોગ કરી શકશે નહીં. તેમજ આ એપાર્ટમેન્ટમાં રહેતા અન્ય હોલ્ડરોને ન્યુસન્સ કે એનોયન્સ થાય તે રીતે એપાર્ટમેન્ટ (ફલેટ) હોલ્ડરે વર્તવાનું નથી. કે ઘોંઘાટ કે ગંદકી કરવાની નથી. કે કોઈની લાગણી દુભાય કે માનસીક ત્રાસ થાય તે રીતે વર્તન કરવાનું નથી. તેમજ આ એપાર્ટમેન્ટની ઈમારતની દીવાલોનાં જાહેરાત

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.
Director

Scanned by CamScanner

હેતુ માટે ઉપયોગ કરવાનો નથી. સમગ્ર ઈમારતને વ્હાઈટ વોશ કે રીપેરીંગ કરવાનું થાય ત્યારે દરેક હોલ્ડરો પોતની જગ્યાનાં પ્રમાણમાં ક્ષેત્રફળમાં વરાડે, પડતો ખર્ચ આપવાનો રહેશે. જો તેવા ખર્ચ આપવામાં એપાર્ટમેન્ટ (ફલેટ) હોલ્ડરો કસુર કરશે. તો તે સામે એશોસીએશનને મળતા તમામ હક્કો અમો વેચનાર ગણાશે અને તે તેવા કાયદેસરના પગલાં અમો પણ લઈ શકીશું ભવિષ્યમાં કોઈપણ કારણોસર સમગ્ર ઈમારત પડી જાય તો ખરીદનાર અન્ય ખરીદનાર માલીકો સાથે રહી વરાડે પડતો ફાળો આપી આ મીલકતને પ્રવર્તમાન નિયમો અનુસાર ફેર બાંધકામ કરી શકશે તેમાં આ દસ્તાવેજથી જે માળ પર ખરીદ કરેલ છે. તે માળ ઉપર તે જ જગ્યાએ પ્રર્વતમાન કાયદા અનુસાર તેમના ભાગે આવતી જગ્યા મેળવવાના એપાર્ટમેન્ટ (ફલેટ) હોલ્ડરોનો હક્ક રહેશે.

(૨૩) સદરહુ રહેણાંક હેતુની ઈમારતનું સંકુલ કે જે ''ખુશી હાઈટ'' નાં નામથી ઓળખાય છે. તેની ઈમારતમાં અંદર કે બહાર કે પાર્કીંગમાં પાલતુ પશુ, પક્ષી, ઢોર, ઢાંખર કે પાલતુ પ્રાણી રાખવાનાં નથી. કે અન્ય એપાર્ટમેન્ટ (ફલેટ) હોલ્ડરને ન્યુસન્સ કે એનોયન્સ થાય તેવા કોઈ કૃત્ય કરવાનું નથી. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૨૪) તમો ખરીદનારે એરકંડીશન કે અન્ય મશીનો કે અન્ય કોઈ

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.
Director

Scanned by CamScanner

ચીજવસ્તુઓ કોઈને અડચણ કે નડતરરૂપ થાય તે રીતે રાખવાની નથી તેમજ કોમન પેસેજમાં મુકવાનાં નથી. તેમજ એરકંડીશનનો કે અન્ય મશીનોની ગરમ હવા તથા પાણી પેસેજ સીડી કે કોમન વપરાશની જગ્યામાં ફેંકાય તે રીતે મુકવાનાં નથી.

(૨૫) ફ્લેટ ધારકો વચ્ચે કોઈપણ જાતની સમસ્યા વાંધો તરકારની ગુજરાત ઓનરશીપ ફ્લેટ એકટ ૧૯૭૩ ની જોગવાઈ મુજબ નિકાલ કરવાનાં રહેશે.

(૨૬) લીફટના નિયમોને આધીન દર વર્ષે તે રીન્યુ કરાવી એન. ઓ. સી. તથા ફાયર એન. ઓ. સી. રીન્યુ કરાવવાનું જે તે ડીપાર્ટમેન્ટ પાસેથી તમારા એસોશીએશન મારફત લેવાનાં રહેશે.લીફ્ટ તથા પાણીના પંપો વિગેરે ચાલુ કંન્ડીશનનાં છે. જે તમોએ જોઈ તપાસી ચકાસી લીધેલ છે. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૨૭) સદરહુ એપાર્ટમેન્ટ (ફ્લેટ) બહુમાળી ઈમારતમાં આવેલ હોઈને તેના નીતિ નિયમોનું પાલન કરવાની જવાબદારી તમો લખાવી લેનારની રહેશે. અને આ ફ્લેટ અંગે કલમ–૧૭ હેઠળ લખાયેલ શરતો મુજબ તમોએ આ એપાર્ટમેન્ટ (ફ્લેટ) નાં ઉપયોગ તેના નીતિ નિયમ મુજબ કરવાનો રહેશે.

(૨૮) **સદરહુ એપાર્ટમેન્ટ (ફ્લેટ) અંગેની અમોએ પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ ૨૦૧૬ ની જોગવાઈ હેઠળ સત્તાધિકારી પાસે રજી.નં. .... તા. .... થી નોંધણી કરાવેલ છે. અને તે અંગેનું સાટાખત અમોએ " રેરા " કાયદાની કલમ –૧૪ મુજબ અનુક્રમ નં. ...... તા. ...... થી નોંધાયેલ છે.**

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફ્લેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

જેથી આપણે બંન્ને પક્ષકારોએ ઉપરોકત વર્ણન "રેરા" ના કાયદાની જુદી–જુદી કલમોનું પાલન કરવાનું રહેશે. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

પક્ષકારો વચ્ચે થયેલ કોઈપણ તકરારનો સમાધાનથી ઉકેલ લાવવાનો રહેશે. જો સમાધાન શકય ન હોય તો, તકરારને રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની જોગવાઈઓ તેમજ તે હેઠળ ઘડેલ નિયમો હેઠળ .... સત્તામંડળ તરફ સંદર્ભ કરવાનો રહેશે.

જો આ કરારની કોઈ જોગવાઈ અધિનિયમ અથવા અન્ય લાગુ પડતા કાયદા હેઠળ અથવા નીયમો હેઠળ અથવા નિયમન અંતર્ગત નિરર્થક અથવા અમલ વિના નિર્ધારિત કરવામાં આવશે, તો કરારના આ જોગવાઈઓ ઉદ્દેશ્ય સાથે વાજબી રીતે વિરોધાભાસી તરીકે સુધારી અથવા કાઢી નાખવામાં આવશે. આ કરારની અને કાયદા હેઠળ અથવા લાગુ કાયદા, કેસ મુજબ અલગ અલગ હોઈ શકે છે, અને આ કરારની બાકી જોગવાઈ માન્ય રહેશે અને આ કરારના અમલીકરણ સમયે લાગુ થતાં લાગુ પડશે.

આ લેખમાં જણાવેલ જે વિગતો રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની જોગવાઈઓ ને સુસંગત નથી તેને રદબાતલ ગણી શકાશે.

(૨૯) આ વેચાણ દસ્તાવેજની સ્ટામ્પ ડયુટી, નોંધણી ફી તથા અન્ય ખર્ચ વેચાણ લેનારે ભરપાઈ કરેલ છે. સ્ટામ્પ ડયુટી, નોંધણી ફી અંગે જો કોઈ વધારાની રકમ ભરપાઈ કરવાની થાય તો તે વેચાણ લેનારે ભરપાઈ કરવાની રહેશે.

સદરહુ મિલકતના ટાઈટલની વિગત નીચે મુજબ છે.

સદર મિલકત સીટી સર્વે રેકર્ડ મુજબ મૂળ સીટી સર્વે નં. ૩૯૧૪/૧ વાળી ૨૩૯૯.૪૭ ચો.મી. તથા રેવન્યુ સર્વે નં. ૪૦૫+૪૦૬ ધરાવતી હતી.

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruct Homes Pvt. Ltd.

Director

ત્યારબાદ સદરહું મિલકત રમેશ અંબારામ આલિપુરીયા પાસેથી રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ નં. ૧૫૭૧/૨૦૧૧ તા.૫/૦૯/૨૦૧૧ થી હમો વેચાણ લેનારાએ ખરીદ કરેલ.

ત્યારબાદ સદરહું મિલકત હમોએ વાણિજય રહેણાંકના હેતુ માટે રીવાઈઝડ બીનખેતીની કરવા માટે કલેકટરશ્રી, નવસારીને અરજ કરેલી છે. જે હમારી અરજી કલેકટરશ્રીએ મંજુર કરી હુકમ નં. સીએચ/એન.એ./રજી.નં.૦૨/૧૭–૧૮ વશી.૪૯૬–૫૦૨/૨૦૧૮ તા.૪/૦૪/૨૦૧૮ થી સદર જમીનને વાણિજય તથા રહેણાંકના હેતુસર બીનખેતીની કરેલી છે.

ત્યારબાદ બીલીમોરા નગરપાલીકાએ સદર જમીન ઉપર ૧ બહુમાળી મકાન બાંધવા માટે બાંધકામની પરવાનગી રજાચિટ્ઠી નં. ૫૧/૧૮–૧૮ થી તા.૦૫/૧૧/૨૦૧૮ થી આપેલી. જે અનુસાર " **"ખુશી હાઈટ'** " કોમર્શીયલ તથા રહેણાંકના બહુમાળી મકાનોનું બાંધકામ ચાલુ છે.

–::– શીડયુલ 'અ' –::–

બીલીમોરા નગરપાલીકા હદ વિસ્તારમાં તથા દેસરા રેવન્યુ હદ વિસ્તારમાં તા.ગણદેવી, જી.નવસારીમાં આવેલ બીનખેતીની વાણિજય તથા રહેણાંક હેતુસરની ખુલ્લી જમીન, જેનો દેસરા રેવન્યુ સર્વે નં. ૪૦૫+૪૦૬ પૈકી, જેનો સીટી સર્વે શીટ નં. ૬૧, સીટી સર્વે નં. ૩૦૧૪/૧, જેનો સત્તાપ્રકાર "સી" છે, જેનું ક્ષેત્રફળ સીટી સર્વે રેકર્ડ મુજબ ૨૩૯૯.૪૭ ચો.મી. થાય છે. જેનો નગરરચના યોજના નં. ૧ દેસરા–બીલીમોરાનો ફાઈનલ પ્લોટ નં. ૧૯/એ પૈકી છે. ઉપરોકત વર્ણવેલ મિલકતની ચતુરદીશા નીચે મુજબ છે.

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

પૂર્વે :– દિવ્યેશભાઈ પટેલનું મકાન અને લાગુ કોમન પ્લોટ.

પશ્ચિમે :– સોમનાથ રોડ.

ઉત્તરે :– ટેલીફોન એક્ષચેન્જવાળી મિલકત.

દક્ષિણે :– ટી.પી. સ્કીમમાં જણાવેલ ૯ મીટરનો રોડ.

–::– શીડયુલ 'બ' –::–

બીલીમોરા નગરપાલીકા હદ વિસ્તારમાં તથા દેસરા રેવન્યુ હદ વિસ્તારમાં તા.ગણદેવી, જી.નવસારીમાં આવેલ બીનખેતીની વાણિજય તથા રહેણાંક હેતુસરની ખુલ્લી જમીન, જેનો દેસરા રેવન્યુ સર્વે નં. ૪૦૫+૪૦૬ પૈકી, જેનો સીટી સર્વે શીટ નં. ૬૧, સીટી સર્વે નં. ૩૦૧૪/૧, જેનો સત્તાપ્રકાર "સી" છે, જેનું ક્ષેત્રફળ સીટી સર્વે રેકર્ડ મુજબ ૨૩૯૯.૪૭ ચો.મી. બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ "ખુશી હાઈટસ" નામના બીલ્ડીંગમાં ...... ભોયતળીયા/માળ ઉપર આવેલ દુકાન/ઓફીસ/રહેણાંકનો ફલેટ, જેનો નં. .... છે. જેનો બીલ્ટઅપ એરીયા .... ચો.ફુટ યાને .... ચો.મી. અને કારપેટ એરીયા .... ચો.ફુટ યાને .... ચો.મી. છે. જે દુકાન/ઓફીસ/ફલેટ બીલીમોરા નગરપાલીકાના દફતરે મ્યુ. ઘર નં. .... થી નોંધાયેલ છે. જે દુકાન/ઓફીસ/રહેણાંકનો ફલેટ/દુકાન અને સદરહું કોમ્પલેક્ષના હીસ્સાવાળી જમીન પૈકી અવિભાજય હિસ્સાની .... ચો.મી. સહમાલીકી, હકક, હીત, અધિકાર સહીતની જમીનના અંદરના તથા બહારના તમામ હકકો સહીતની મિલકત. જે મિલકતની ચતુરસીમા નીચે મુજબ છે.

પૂર્વે :–

પશ્ચિમે :–

ઉત્તરે :–

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruct Homes Pvt. Ltd.
Director

Scanned by CamScanner

દક્ષિણે :–

આ વેચાણ દસ્તાવેજ આપણ પક્ષકારોએ આપણી રાજીખુશીથી સ્વેછાએથી, કોઈના કોઈપણ પ્રકારના દાબ દબાણ, દગા ફટકા કે અસર હેઠળ આવ્યા વિના વાંચી, સમજી વિચારી શાખ કરનારા રૂબરૂ સહી કરેલ છે. જે આપણે પક્ષકારોને તથા આપણા વંશ, વાલી, વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે સહી...

અત્રે.................................મતુ

"રીલસ્ટ્રક હોમસ પ્રાઈવેટ લીમીટેડ" એ નામની ભાગીદારી પેઢી વતી અને તર્ફે અધિકૃત ભાગીદાર

(.................................)

(.................................)

તત્રે...............................શાખ

(.................................)

(.................................)

વેચાણ આપનારા યાને પ્રમોટર

"રીલસ્ટ્રક હોમસ પ્રાઈવેટ લીમીટેડ" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તર્ફે અધિકૃત ભાગીદાર

....

(..........................)

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીગનું નામ	દુકાન/ઓફીસ/ ફ્લેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

વેચાણ લેનારા યાને એલોટી		
....		
(.................................)		

–: મિલકતનું સરનામું :

બીલીમોરા નગરપાલીકા હદ વિસ્તારમાં તથા દેસરા રેવન્યુ હદ વિસ્તારમાં તા.ગણદેવી, જી.નવસારીમાં આવેલ બીનખેતીની વાણિજય તથા રહેણાંક હેતુસરની ખુલ્લી જમીન, જેનો દેસરા રેવન્યુ સર્વે નં. ૪૦૫+૪૦૬ પૈકી, જેનો સીટી સર્વે શીટ નં. ૬૧, સીટી સર્વે નં. ૩૦૧૪/૧, જેનો સત્તાપ્રકાર "સી" છે, જેનું ક્ષેત્રફળ સીટી સર્વે રેકર્ડ મુજબ ૨૩૯૯.૪૭ ચો.મી. બીનખેતીની જમીન ઉપર

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

બાંધવામાં આવેલ "ખુશી હાઈટસ" નામના બીલ્ડીંગમાં ...... ભોયતળીયા/માળ ઉપર આવેલ દુકાન/ઓફીસ/રહેણાંકનો ફલેટ, જેનો નં. .... છે. જેનો બીલ્ટઅપ એરીયા .... ચો.ફુટ યાને .... ચો.મી. અને કારપેટ એરીયા .... ચો.ફુટ યાને .... ચો.મી. છે. જે દુકાન/ઓફીસ/ફલેટ બીલીમોરા નગરપાલીકાના દફતરે મ્યુ. ઘર નં. .... થી નોંધાયેલ છે.

વેચાણ લેનારા યાને એલોટી :–

(...............................)

વેચાણ આપનારા યાને પ્રમોટર્સ :–

(...............................)

અનુસૂચિ– ક

એપાર્ટમેન્ટ અને ગેરેજ/બંધ(કલોઝ) પાર્કિંગ (લાગુ પડતું હોય તો)નું વર્ણન ચાર દિશાની સીમાઓ સાથે કરવું

અનુસૂચિ–ખ

એપાર્ટમેન્ટનો ફલોર પ્લાન

જોડાણ–ક

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner

(સબંધિત સ્થાનિક સત્તામંડળ દ્વારા મંજૂર કરવામાં આવ્યા મુજબ એલોટી જે ખરીદવા સમંત થયા છે,તે એપાર્ટમેન્ટના નકશા (પ્લાન) અને વિગતવર્ણનોની અધિકૃત નકલો)

જોડાણ–ખ

(રીયલ એસ્ટેટ નિયમનકારી સત્તામંડળ દ્વારા મંજૂર કરવામાં આવેલા પરિયોજનાના નોંધણી પ્રમાણપત્રોની અધિકૃત નકલ)

જોડાણ–ગ

(એપાર્ટમેન્ટના વિગતવર્ણનો અને સુવિધાઓ)

શહેરનું નામ	સીટી સર્વે નંબર	બીલ્ડીંગનું નામ	દુકાન/ઓફીસ/ ફલેટ નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
દેસરા–બીલીમોરા, તા.ગણદેવી	૩૦૧૪/૧	ખુશી હાઈટ		

Relstruet Homes Pvt. Ltd.

Director

Scanned by CamScanner